


# એનડીએ ફરી પૂર્ણ બહુમતિ મેળવી શકે છે : સર્વે

## યુપીએને ૧૪૯ બેઠકો મળવાનો પ્રાથમિક અંદાજ : દેશભરની ૫૪૩ બેઠક પૈકી એનડીએને બહુમતિ સુધીની બેઠક મળી જશે : ઉત્તરપ્રદેશમાં ૫૦ બેઠક મળવાની વકી

લોકસભા માટેની ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે હાલમાં જ કરવામાં આવેલા નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં એનડીએને ફરી એકવાર બહુમતિ મળી જશે. એનડીએ દેશભરની ૫૪૩ લોકસભા સીટો પૈકી ૨૭૯ સીટો મેળવી જશે. બહુમતિ માટે જરૂરી સીટ કરતા વધારે સીટો મળી જશે. યુપીએને ૧૪૯ સીટો અને અન્યોને ૧૧૫ સીટો મળી શકે છે. ટાઇમ્સ નાઉ અને વીએમઆરના સર્વેમાં આ મુજબની માહિતી આપવામાં આવી છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે ઉત્તરપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીને ૨૫ સીટોનુ નુકસાન થઇ રહ્યુ છે. જો કે અહીં પણ પાર્ટ ૫૦ સીટો જીતી શકે છે. ટાઇમ્સ નાઉના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, ઉત્તરપ્રદેશમાં ભાજપને ૨૩ સીટોનું નુકસાન થઇ શકે છે પરંતુ બંગાળ અને ઓરિસ્સામાં ફાયદો થઇ રહ્યો છે. દક્ષિણ ભારતમાં ગઠબંધનના દમ ઉપર કોંગ્રેસ ઘણી સીટો જીતી શકે છે. આંધ્રમાં નાયડુની ટીડીપી અને ઓરિસ્સામાં પટનાયકની બીજેડીને પણ નુકસાન થઇ શકે છે. રાજસ્થાનમાં ૨૫ સીટો પૈકી ભાજપને ૧૮ સીટો અને કોંગ્રેસને સાત સીટો મળી શકે છે. દિલ્હીમાં ફરી ભાજપને સાતે સાત સીટો મળી શકે છે. વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં મોદી લહેર વચ્ચે પાર્ટીને ૭૩ સીટો મળી હતી. મધ્યપ્રદેશમાં ભાજપને ૨૦ સીટો મળી શકે છે. મહારાષ્ટ્રમાં પણ ભાજપ-શિવસેનાને ૩૮ સીટો મળી શકે છે.અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઇ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી, બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે.તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. આનો મતલબ એ થયો કે, ૧૭મીલોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થનાર છે. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૯૭ સીટ પર મતદાન થનાર છે. ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં સાત સીટો ઉપર મતદાન થનાર છે. પાંચમાં તબક્કામાં સાત રાજ્યોની ૫૧ સીટો ઉપર મતદાન યોજાનાર છે. છઠ્ઠા તબક્કામાં સાત રાજ્યોની ૫૯ સીટો ઉપર મતદાન થશે જ્યારે સાતમા અને અંતિમ તબક્કા માટે આઠ રાજ્યોની ૫૯ સીટ ઉપર મતદાન થશે.

### વિવિધ નવા પોલ શું કહે છે

| સંસ્થા | એનડીએ | યુપીએ | અન્ય પક્ષો |
|---|---|---|---|
| સી વોટર | ૨૬૭ | ૧૪૨ | ૧૩૪ |
| ઈન્ડિયાટીવી-સીએનએક્સ | ૨૭૫ | ૧૪૭ | ૧૨૧ |
| સીએસડીએસ-લોકનીતિ | ૨૬૭-૨૮૩ | ૧૧૫-૧૩૫ | ૧૩૦-૧૬૦ |
| ટાઈમ્સનાઉ-વીએમઆર | ૨૭૯ | ૧૪૯ | ૧૧૫ |
| પોલ ઓફ પોલ | ૨૭૩.૫ | ૧૪૦.૭૫ | ૧૨૮.૭૫ |

## અમે ક્યારેય નથી કહ્યુ કે લોકોના એકાઉન્ટમાં ૧૫ લાખ જમા થશે : રાજનાથસિંહ

### સરકારથી પુરાવા માંગો પણ સેના પાસેથી નહીં

દરેક વ્યક્તિના બેંક એકાઉન્ટમાં ૧૫ લાખ રુપિયા આવશે તેવો વાયદો પૂરો ક્યારે થશે તેવુ કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો અવાર નવાર ભાજપને યાદ દેવડાવીને ટોણો મારવાનુ ચૂકતા નથી.



આ મુદ્દો ભાજપ માટે ગળાની ફાંસ જેવો બની ગયો છે.૨૦૧૪ની ચૂંટણી બાદ ૨૦૧૯ની ચૂંટણીમાં પણ ભાજપ વિરોધીઓ આ મુદ્દાનો ઉપયોગ કરી રહ્યા છે ત્યારે ભાજપના નેતા અને મોદી સરકારમાં ગૃહ મંત્રી રાજનાથસિંહે હવે કહ્યુ છે કે, અમે ક્યારેય કહ્યુ જ નથી કે, લોકોના ખાતામાં ૧૫ લાખ રુપિયા આવશે.૨૦૧૪ની ચૂંટણીમાં અમે ક્યારેય લોકોને એવો વાયદો કર્યો નહોતો.

રાજનાથસિંહે આપેલા ઈન્ટરવ્યૂમાં ભારપૂર્વક આ વાત કહીને દોહરાવ્યુ હતુ કે, ક્યારે પણ નહોતુ કહ્યુ કે, ૧૫ લાખ જમા થશે, ક્યારે પણ નહી.

રાજનાથ સિંહે વિપક્ષી નેતાઓ અને તેમના નજીકના ત્યાં ઈનકમ ટેક્સ અને ઈડી દ્વારા પાડવામાં આવેલા દરોડા અંગે કહ્યું કે તેને રાજકીય બદલાની કાર્યવાહી કહેવું ખોટું છે. જે એજન્સીઓ દરોડા પાડી રહી છે તે સ્વાયત છે. ચૂંટણી આચારસંહિતા તેના પર લાગૂ થતી નથી. તેઓ પોતાના ઈનપુટના આધાર પર કાર્યવાહી કરી રહ્યું છે, અમે તેને કેવી રીતે રોકી શકીએ.

રાજનાથ સિંહે કહ્યું કે બાલાકોટ એર સ્ટ્રાઈક પર સરકારને પ્રશ્ન પૂછો પરંતુ સુરક્ષા બળો પાસે કોઈપણ પ્રકારના પુરાવા ના માંગો.

ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં અમિત શાહને પણ આ સવાલ પૂછાયો ત્યારે તેમણે કહ્યુ હતુ કે, પંદર લાખ જમા થશે તે વાત જુમલો હતી.

## મોદી રાષ્ટ્રીય હોનારત, તેમને હરાવી દેશ બચાવોઃ શરદ પવાર

એનસીપીના વડા શરદ પવારે વડા પ્રધાન મોદીને એક રેલીમાં રાષ્ટ્રીય હોનારત તરીકે ગણાવતા કહ્યું કે રાષ્ટ્રને બચાવવા તેમને આગામી ચૂંટણીમાં હરાવવાની જરૂરિયાત છે. દેશનું શાસન ચલાવવાની વિપક્ષની ક્ષમતા અથવા પવાર પરિવારમાં એકતા બાબતમાં મોદીએ ટિપ્પણી કરવી જોઈએ નહીં. પવારે કહ્યું કે, ×દેશ અમે સારી રીતે ચલાવીશું.



મોદીએ અમારી ક્ષમતાની ફિકર કરવી જોઈએ નહીં. તેમણે કહ્યું કે ‘હું મારા ઘરમાં ખુશ છું. તમારે ચિંતા કરવાની જરૂર નથી. તમારે તો કોઈ દિવસ ઘર હતું જ નહીં.

પવારે કહ્યું કે મોદી ગાંધીવાદી હોવાનો દાવો કરે છે અને ચરખા કાંતતા ફોટા પડાવે છે, પણ પહેલી એપ્રિલે વર્ધામાં હોવા છતાં મોદીએ સેવાગ્રામની મુલાકાત લીધી ન હતી. ×આ બધું નાટક જ છે. તેમ શરદ પવારે કહ્યું હતું. સરહદ પરની પરિસ્થિતિ બાબતમાં ટીકા કરતા પવારે કહ્યું કે, ×૨૦૧૪માં ૨૬૭ હુમલા, ૨૦૧૫માં ૨૦૮ અને ૨૦૧૬માં ૨૧૮ હુમલા થયા છે. ૫૬ ઈંચની છાતી ક્યાં છે?

તેમણે કહ્યું કે મોદી ન્યાયતંત્ર, સીબીઆઈ, આરબીઆઈ જેવી સંસ્થાઓ પર હુમલો કરી રહ્યા છે. એનડીએને હરાવવાનો સમય પાક્યો છે અને ફકત યુપીએ જ તેમ કરી શકે છે.

## ભાજપ બહુમતી સાથે સરકાર બનાવશે અને મોદી ફરી વડાપ્રધાન બનશે : ગડકરી

ભાજપના સિનિયર નેતા નીતિન ગડકરીએ સોમવારે કૉંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી પર જોરદાર હુમલો કરતા કહ્યું હતું કે તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર રાજકીય લાભ માટે ભ્રષ્ટાચારના આડેધડ આક્ષેપ કરી રહ્યા છે. વડા પ્રધાન મોદીના હોદ્દાની ગરિમા જાળવીને રાહુલ ગાંધીએ માન આપવું જોઈએ.

દેશના ૨૦ ટકા ગરીબોને વર્ષે રૂ. ૭૨૦૦ આપવા લઘુતમ આવક યોજનાની ટીકા કરતા ગડકરીએ કહ્યું હતું કે ગરીબોના મત આકર્ષવા માત્ર છે. ભાજપના વરિષ્ઠ નેતા અડવાણી અને મુરલી મનોહર જોશી માટે તમામને માન છે. વિપક્ષોના આરોપને નકારી કાઢતા તેમણે કહ્યું હતું કે ૯૦ વર્ષની ઉપર વય ધરાવતા અડવાણીને આરામની જરૂર છે. આ ઉંમરે કોઈ સક્રિય રહી શકે નહીં.

વડા પ્રધાન ફક્ત એક પક્ષના નથી, પરંતુ દેશના છે તેમને માન આપવું જરૂરી છે. મમતા બેનરજી, રાહુલ ગાંધીથી લઈને તમામ વિપક્ષી નેતાઓ અપશબ્દોનો ઉપયોગ કરી રહ્યા છે. કૉંગ્રેસની ‘ન્યાય’ યોજના પાછળ રૂ. ૩,૫૦,૦૦૦ કરોડની



જરૂર પડશે તેને અમલ મૂકવું શક્ય નથી. આર્થિક બોજ બધાની કમર ભાંગી નાખશે.

કૉંગ્રેસની વિશ્ર્વસનીયતા સારી નથી એમ તેમણે કહ્યું હતું. ૧૯૪૭થી કૉંગ્રેસ ગરીબી હઠાવોનું સૂત્ર આપી રહ્યું છે ત્યાર બાદ ૪૦ મુદ્દા, ૨૦ મુદ્દા અને પાંચ મુદ્દાના કાર્યક્રમ લાવ્યા હતા. તમામ નિષ્ફળ ગયા હતા.

દરેક પક્ષમાં કે જીવનમાં વ્યક્તિએ અમુક ઉંમર પછી નિવૃત્ત થવું પડે છે. કૉંગ્રેસ રાષ્ટ્રીય સુરક્ષા સંબંધી મુદ્દાનું પણ રાજકારણ કરે છે તેવો આક્ષેપ કર્યો હતો. પ્રગતિ અને વિકાસની વાત કરવી જોઈએ. આગામી ચૂંટણીમાં ભાજપ અને સાથી પક્ષો સારી બહુમતી મેળવશે અને નરેન્દ્ર મોદી ફીર એક બાર પ્રધાનમંત્રી બનશે.

## ઉ.પ્રદેશમાં મહાગઠબંધન ભાજપ માટે મોટો પડકાર : શાહે નેતાઓ સાથે આખી રાત મંથન કર્યું

લોકસભાની ચૂંટણીના પહેલા તબક્કાના મતદાન અગાઉ ઉત્તરપ્રદેશના પાટનગર લખનઉ ખાતે મોટા પાયે રાજકીય હલચલ ચાલી રહી છે. સત્તાધારી ભાજપના અધ્યક્ષ અમિત શાહે રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિત વરિષ્ઠ નેતાઓ સાથે અવધ ક્ષેત્રને લઇને મેરાથોન મંથન કર્યું. આ બેઠક રાતના ત્રણ વાગ્યા સુધી ચાલી જેમાં આગળની ચૂંટણી રણનીતિને લઇને ચર્ચા કરવામાં આવી. પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર મોડી રાતે ત્રણ વાગ્યા સુધી ચાલેલી બેઠકમાં અમિત શાહે અવધ ક્ષેત્રની પરિસ્થિતિની સમીક્ષા કરી. એ સાથે જ અહીંયા ચૂંટણીને લઇને ભાજપની તૈયારી કેવી છે એના પર મંથન કરવામાં આવ્યું. સૂત્રોના જણાવ્યા અનુસાર આ બેઠકનો મુખ્ય એજેન્ડા સપા-બસપા ગઠબંધનથી સર્જાયેલી રાજકીય પરિસ્થિતિ અને કોંગ્રેસ પાર્ટીના વલણને લઇને ગહન મંથન કરવામાં આવ્યું. આ બેઠકમાં અમિત શાહ ઉપરાંત યોગી આદિત્યનાથ, બંને નાયબ મુખ્યમંત્રીઓ દિનેશ શર્મા અને કેશવપ્રસાદ મૌર્ય. યૂપી ભાજપના અધ્યક્ષ મહેન્દ્રનાથ પાંડેય, સુનીલ બંસલ અને અવધ ક્ષેત્રના જિલ્લા અધ્યક્ષો તેમજ લોકસભાના પ્રભારીઓએ પણ ભાગ લીધો.

## એર એશિયા અમદાવાદ બેંગકોક ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ

થાઈલેન્ડ અને એની રાજધાની બેંગકોક ‘લેન્ડ ઓફ સ્માઈલ્સ’ તરીકે ઓળખાય છે. હવે એરએશિયાની અમદાવાદથી થાઈલેન્ડની રાજધાની બેંકકોક સુધી અઠવાડિયામાં ચાર અઠવાડિયા સીધી ડાયરેક્ટ સર્વિસ શરૂ થશે.

૩૧ મે, ૨૦૧૯થી શરૂ થનારી એરએશિયાના પ્રારંભિક અમદાવાદ રૂટની નવી સર્વિસ સાથે થાઈલેન્ડનાં વિશિષ્ટ કલ્ચર અને એની આંખોને ઠંડક આપે એવી હરિયાળી માણો, જેમાં એરએશિયા બિગ મેમ્બર્સ માટે સ્પેશ્યલ ઓલ-ઈન પ્રમોશનલ વન-વે ફેર એક્સલૂઝિવલી રૂ. ૪,૯૯૯ હશે.

૩૧ મે, ૨૦૧૯થી ૪ ફેબ્રુઆરી, ૨૦૨૦ દરમિયાન પ્રવાસ કરવા માટે ૯ થી ૨૧ એપ્રિલ માટે ફ્રૈક્રિજૈદ્ર.ર્ષ્દ્વ પર કે એરએશિયા મોબાઈલ એપ પર બુકિંગ કરાવી શકાય છે. મહેમાનો અર્લી મોર્નિંગ એરાઈવલ અને ઈવનિંગ ડિપાર્ચર સાથે અનુકૂળ ફ્લાઈટ શીડ્યુલનો લાભ લઈ શકે છે, જે તેમને બેંગકોકમાં પસાર કરવા માટે વધારે સમય આપે છે.

એરએશિયા થાઈલેન્ડનાં સીઈઓ સાંતિસુક ક્લોંગચાઈયાએ કહ્યું હતું કે, ‘ભારત એરએશિયા માટે વ્યૂહાત્મક બજાર છે અને અમારૂ ધ્યાન દેશ સાથે અમારૂ આંતરરાષ્ટ્રીય જોડાણ વધારવા પર કેન્દ્રિત છે. આ નવો રૂટ છે, જે પશ્ચિમ ભારત માટે પ્રવાસની તકો વધારશે અને અમને વિશ્વાસ છે કે ઓછુ ભાડુ અને એવોર્ડવિજેતા સર્વિસનો અમારો વિશિષ્ટ સમન્વય આ ઓછી સુવિધા ધરાવતા રૂટ પર ટ્રાફિકને પ્રોત્સાહન આપશે તેમજ પ્રવાસન અને આર્થિક વૃદ્ધિને વેગ આપશે.

## ઊંઝા પાસે ઈકો ગાડી અથડાતાં બાઈકચાલકનું મોત

ઊંઝા,. તા. ૯

ઊંઝા નજીક ઉનાવા ગામે હાઈવે પર એક ઈકો ગાડીના ચાલકે મોટરસાયકલને પાછળથી ટક્કર મારતાં ગંભીર રીતે ઘાયલ વ્યક્તિનું કરૂણ મોત નિપજ્યુ હતુ.

વિગત એવી છે કે ઊંઝા તાલુકાના ટુંડાવ ગામના રાકેશકુમાર તબશીભાઈ પટેલના ભાગીદાર પટેલ કાંતિલાલ ઈશ્વરલાલની મોટરસાયકલને ઉનાવા ખાતે બાયપાસ રોડ પર ઐઠોર ચોકડી આગળ એક ઈકો ગાડીના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારીને મોટરસાયકલને પાછળથી જોરદાર ટક્કર મારતાં મોટરસાયકલ પર સવાર કાંતિભાઈ પટેલને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેમનું કરૂણ મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ ઈકોચાલક વાહન હંકારીને ફરાર થઈ ગયો હતો.

આ બનાવ અંગે ઉનાવા પોલીસે ઈકો ગાડીના ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ (એસોશીએશન)ના ૨૦૧૯-૨૦૨૧ના હોદ્દાદોરાની નિમણૂક કરાઈ



અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ (એસોસીએશન)ના સને ૨૦૧૯-૨૦૨૧ના ૨ વર્ષ માટે હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે પ્રશાંત પી. નારેચાણીઆ (વર્ધમાન એડવર્ટાઈઝીંગ), ઉપપ્રમુખ તરીકે પીનલ એ. શાહ (શાર્પ મીડીયા સર્વિસીસ) અને મનીષ પી. ગાંધી (પી.ગૌતમ એન્ડ કુ.), સેક્રેટરી તરીકે સમીર એન. શાહ (આદિશ્વર એડવર્ટાઈઝીંગ), જો. સેક્રેટરી તરીકે પ્રદિપ એસ. મહેતા (વૃષ્ટી કોમ્યુનીકેશન) અને ખજાનચી જગત બી. ગાંધી (દિપ્તી એડ્સ)ની નિમણુંક કરવામાં આવી છે. કારોબારી સભ્યો તરીકે અજીતભાઈ આર. શાહ (અજીત એડ્સ) સંદીપભાઈ એન. શાહ (અમોલા એડવર્ટાઈઝીંગ, રાજેન્દ્રભાઈ એસ. સોની (પૂર્ણીમા એડ્સ), હર્ષદભાઈ જે. શાસ્ત્રી (યુનાઈટેડ પબ્લિસીટી), ભદ્રેશ બી. ગાંધી (રાકેશ એડવર્ટાઈઝીંગ), હિરેન એમ. શાહ (હિરેન એડવર્ટાઈઝઈંગ), કેતન એસ. દેસાઈ (આસ્થા માર્કેટીંગ), જીગ્નેશ જે. ગાંધી (શ્રી ગીરીરાજ એડવર્ટાઈઝીંગ)ની નિમણુંક કરવામાં આવી છે.

### સંખ્યા વધી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વખતે ૧૭ ઉમેદવારો મેદાનમાં છે જે નોંધનીય છે.

લોકસભાના ૧૪ સંસદીય મતવિસ્તાર એવા છે જ્યાં ૨૦૧૪ કરતાં ઉમેદવારોની સંખ્યામાં વધારો નોંધાયો છે. આ બેઠકોમાં કચ્છ, સાબરકાંઠા, અમદાવાદ(પૂર્વ) અમદાવાદ(પશ્ચિમ), સુરેન્દ્રનગર, પોરબંદર, જામનગર, જૂનાગઢ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, બારડોલી, સુરત અને નવસારી બેઠકનો સમાવેશ થાય છે.

પાંચ બેઠકો પર ૨૦થી વધુ ઉમેદવારો છે. જે બેઠકોમાં સુરેન્દ્રનગર, સાબરકાંઠા, અમદાવાદ(પૂ.) જામનગર અને નવસારી બેઠકનો સમાવેશ થાય છે. સુરેન્દ્રનગર બેઠક પર સૌથી વધુ ૩૧ ઉમેદવારો નોંધાયા છે. સૌથી ઓછા ઉમેદવારો પંચમહાલ બેઠક પર નોંધાયા છે જ્યાં ઉમેદવારોની સંખ્યા ૬ છે.

૨૦૧૪ કરતાં ૨૦૧૯માં ૩૭ ઉમેદવારો વધ્યા છે. આ વખતની ચૂંટણીમાં ભાજપ તરફથી ધારાસભ્યો પરબતભાઈ પટેલ, ભરતસિંહ ડાભી તથા પંચમહાલ બેઠક પર રણજીતસિંહ ચૂંટણી લડી રહ્યા છે. જ્યારે કોંગ્રેસ તરફથી પરેશ ધાનાણી, લલિત કગથરા, લલિત વસોયા, સોમાભાઈ પટેલ, જીતુભાઈ ચૌધરી, ડૉ. સી.જે. ચાવડા, પૂંજાભાઈ વંશ અને રાજેન્દ્રસિંહ ઠાકોર જંગ લડી રહ્યા છે.

### વપરાશ વધ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વળવા માટે તંત્ર દ્વારા સપ્લાય પણ વધારી દેવામાં આવે છે. શહેરમાં નર્મદા ઉપરાંત સેકટરોમાં બનાવાયેલા બોરમાંથી પણ પાણી સપ્લાય કરવામાં આવે છે. શહેરના નવા અને જુના સેકટરોમાં અંદાજિત ૫૫ થી ૫૮ એમ એલ ડી પાણીનો સપ્લાય કરવામાં આવે છે. આડા દિવસો કરતા અંદાજે ૮ થી ૧૦ એમ એલ ડી જેટલો સપ્લાય વધારી દેવામાં આવે છે. જેથી ગરમીના દિવસોમાં એક અંદાજ મુજબ શહેરમાં ૮ લાખ લીટર જેટલો પાણીનો વપરાશ વધે છે. શહેરીજનો વર્ષોથી છુટથી પાણી વાપરવા માટે ટેવાયેલા છે. ત્યારે પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે તંત્રએ પણ સપ્લાય કરવાનુ મુશ્કેલ બને છે. પાણીની લાઇનમાં આવતી લીકેજીસની સમસ્યાને ડામવા માટે પણ સર્વે હાથ ધરવામાં આવ્યો છે. શહેર ઉપરાંત આસપાસના ગામોમાં પણ ગરમીના દિવસોમાં પાણીની પોકાર ઉઠવા પામે છે. જેને ધ્યાને લઇ ગામોમાં અગાઉ નવા બોર બનાવાયા બાદ પાણીની ટાંકી તેમજ સંપની કામગીરી પણ પુર્ણતાના આરે છે. આગામી દિવસોમાં પાઈપલાઈનનુ પણ જરૂરી કામ હાથ ધરાશે.

### નક્સલી હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છત્તીસગઢના કાંકેર જિલ્લામાં બીએસએફના જવાનો ઉપર હુમલો કર્યો હતો જેમાં બે જવાન શહીદ થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલા છત્તિસગઢના સુકમામાં ૧૩મી માર્ચ ૨૦૧૮ના દિવસે સર્ચ ઓપરેશનમાં વ્યસ્ત સીઆરપીએફના જવાનો પર માઓવાદીઓ દ્વારા કરવામાં આવેલા છુપા હુમલામાં ઓછામાં ઓછા નવ જવાનો શહીદ થયા હતા અને આ હુમલામાં અન્ય છ જવાનો ઘાયલ પણ થયા હતા. જવાનોને પહેલા આઈઈડી બ્લાસ્ટ મારફતે ટાર્ગેટ બનાવવામાં આવ્યા હતા. બ્લાસ્ટ કરવામાં આવ્યા બાદ અંધાધુંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. માર્ચ ૨૦૧૮ના હુમલામાં આશરે ૧૦૦ માઓવાદીઓ સામેલ હતા.આ પહેલા ગયા વર્ષે એપ્રિલ મહિનામાં સુકમામાં નક્સલવાદીઓએ છુપો હુમલો કર્યો હતો.

### મંચ પર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદી અને ઉદ્ધવ ઠાકરે માત્ર મંચ ઉપર એક સાથે હાથ પકડીને નજરે પડ્યા ન હતા બલ્કે વડાપ્રધાને ઉદ્ધવના ખભા ઉપર હાથ મુકીને વાતચીત પણ કરી હતી. આ પહેલા શિવસેના દ્વારા વડાપ્રધાન ઉપર સતત પ્રહાર કરવામાં આવી રહ્યા હતા. ભાજપના વડા અમિત શાહે કહ્યું હતું કે, બંને પક્ષો હવે મતભેદો ભુલી ચુક્યા છે અને એકમંચ પર સાથે આવી ગયા છે. આ ગઠબંધન રાજ્યમાં ૪૫ સીટો જીતી જશે. ભાજપના વડા અમિત શાહએ એમ પણ કહ્યું હતું કે, બંને પાર્ટીઓના સમર્થકોનું કહેવું છે કે, શિવસેના અને અકાળી દળે હંમેશા સારા અને ખરાબ સમયમાં ભાજપનો સાથ આપ્યો છે. આજ કારણસર મતભેદો ભુલી બંને પાર્ટીઓ ફરી સાથે આવી છે. મહારાષ્ટ્ર સરકારે પણ ભ્રષ્ટાચારને દૂર કરવામાં મોટી ભૂમિકા અદા કરી છે.

### રકમ પકડાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થિતિ છે. આવકવેરા વિભાગ દ્વારા હજુ પણ તપાસ ચાલી રહી છે. આ દરોડાની કાર્યવાહીમાં ૨૮૧ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે. બિનહિસાબી સંપત્તિ કબજે કરવામાં આવ્યા બાદ ચારેબાજુ ચર્ચા જોવા મળી રહી છે. આ મોટી કાર્યવાહીને અંજામ આપવા માટે આવકવેરા વિભાગની ૩૦૦ અધિકારીઓની ટીમ કામે લાગી હતી. આ ગાળા દરમિયાન ચાર રાજ્યોમાં ૫૨ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. વિભાગે કહ્યુ છે કે કેટલાક દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે. મધ્યપ્રદેશ અને દિલ્હીવચ્ચે શંકાસ્પદ ચુકવણી સાથે સંબંધિત ડાયરી અને કોમ્પ્યુટર ફાઈલો જપ્ત કરવામાં આવી છે. ૨૦ કરોડ રૂપિયા તો તુગલક રોડ પર રહેતી કોઈ વ્યક્તિના આવાસ પરથી દિલ્હીના કોઈ મોટી રાજકીય પક્ષના હેડક્વાટર્સમાં જનાર હતી. કેટલાક પુરાવાના આધાર પર તપાસ ચાલી રહી છે. મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન કમલનાથના નજીકના લોકોની સામે હાલમાં બે દિવસ સુધી ઉંડી તપાસનો દોર ચાલ્યો હતો.

### જે કહે છે તે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વોટ બેંક છે કે પછી પાકિસ્તાનમાં તેવો પ્રશ્ન મોદીએ કર્યો હતો. અમે સબકા સાથ સબકા વિકાસને પ્રોત્સાહન આપી રહ્યા છે. મજબૂર સરકાર કઇ રીતની હોય છે તેનો દાખલ કર્ણાટક છે. કર્ણાટકની સરકાર કોણ ચલાવે છે તેનો અંદાજ નથી. કારણ કે, બંને હારી ગયેલા પક્ષો સત્તા માટે સ્વાર્થ માટે એક સાથે આવ્યા છે જેથી એકબીજાને સાચવી લેવામાં લાગેલા છે. હવાઈ હુમલાની જેમ જ આ લોકોએ અંતરિક્ષમાં હુમલાને લઈને પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. કોંગ્રેસ પાર્ટીની સરકારમાં અગાઉ એટલી હિંમત ન હતી કે, મિસાઈલ ટેસ્ટને મંજુરી આપી શકે. અગાઉની સરકાર અને કોંગ્રેસ પાર્ટીના લોકો સૈનિકોને સન્માન આપવા અને વિજ્ઞાનને પ્રોત્સાહન આપવાની સ્થિતિમાં નથી. આ સમયે એવા લોકોને બોધપાઠ ભણાવવાનો છે જે પાકિસ્તાન સાથે દેખાઈ રહ્યા છે. કોંગ્રેસની સ્પષ્ટ વિચારધારા છે કે, જ્યાં તક મળે ત્યાં સમાજને વિભાજિત કરી દેવામાં આવે. સ્વતંત્રતાના સમયથી જ વિશેષ પ્રકારની રણનીતિ અપનાવવામાં આવી રહી છે.

### ડેપોનો વહીવટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડેપોમાં મીંડુ ચિતરાયેલુ છે. જયારે આકરા તાપમાં સિનિયર સિટીઝન્સ કે બાળકોને પીવાનુ પાણી પણ ન મળે તેવી સ્થિતિ છે. ગાંધીનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયો હોવાની વાતો સ્થાનિક નેતાઓ માટે ઉપાડે કરે છે. જયારે સ્માર્ટ સીટીના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ડેપોમાં ખુલ્લેઆમ તસ્કરો આંટા મારી મુસાફરોના ખિસ્સામાં બિન્દાસ્ત હાથફેરો કરી જાય છે. બીજીતરફ સુવિધાના નામે પણ મીંડુ છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ ઠંડા પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ હશે જયારે ગાંધીનગરનુ એસ ટી ડેપોમાં પાંગરતી દુવિધાઓ વચ્ચે તસ્કરોનુ રાજ છે. સ્થાનિક નેતાઓ કે સત્તાધીશોને પણ આ વાતની જરા પણ પરવા નથી. આખરે આ દુવિધાઓ અને અસલામતીનો ભોગ આમ નાગરિકોને બનવુ પડે છે.